ક્રમાંક-મઉમશબ/ક/પ.જમા/2022/[illegible]
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી,જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૧/૦૭/૨૦૨૧

પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**
ગુજરાત રાજ્ય (તમામ)
પ્રતિ,
**આચાર્યશ્રી,**
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
(વિજ્ઞાન પ્રવાહ), ગુજરાત રાજ્ય.

વિષય - ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા મે-૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહમાં પરિણામ (ગુણપત્રક/પ્રમાણપત્ર) જમા કરાવી બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા ઉમેદવારોની વિગતો મોકલી આપવા બાબત.

સંદર્ભ - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઉ.મા.પ્ર. પરીક્ષા મે-૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહના પરિણામનો પરિપત્ર.

જય ભારતસહ ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે બોર્ડ દ્વારા ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા મે-૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહના નિયમિત ઉમેદવારોનું પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અને તે પરિણામના ગુણપત્રક/પ્રમાણપત્ર શાળાવાર મોકલી આપેલ છે.

શાળાવાર પરિણામ સાથે શાળાના આચાર્યશ્રીઓને ઉ.મા.પ્ર. પરીક્ષા, મે-૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહના નિયમિત ઉમેદવારોના પરિણામ બાદની કાર્યવાહી બાબત તા.૧૬/૦૭/૨૦૨૧નો પત્ર પણ પાઠવવામાં આવેલ છે. જેનો અભ્યાસ કર્યા બાદ પરિણામનું વિતરણ કરવા જણાવવામાં આવેલ છે. ઉક્ત પત્રમાં **F.** માં નીચે મુજબ સુચના આપેલ છે.

[P.T.O....

ઉત્તિર્ણ ઉમેદવાર દ્વારા ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડને જમા કરાવી (શાળામાં) પરિણામ રદ કરાવી આગામી પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા અંગે :

ઉ.મા.પ્ર. પરીક્ષા, મે-૨૦૨૧માં ઉત્તિર્ણ થયેલ ઉમેદવાર તેઓએ મેળવેલ પરિણામની સિદ્ધિ સુધારવા ઇચ્છતા હોય તો મે-૨૦૨૧નું પરિણામ શાળામાં જમા કરાવીને (શાળા દ્વારા આવા ઉમેદવારોનું ગુણપત્રક/પ્રમાણપત્ર બોર્ડમાં જમા કરાવશે.) આગામી પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

[નોંધ-વિદ્યાર્થીએ આગામી તા.03/0૮/૨૦૨૧ સુધીમાં અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર શાળામાં જમા કરાવવાના રહેશે.]

આ માટે વિદ્યાર્થીએ મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર તા.03/0૮/૨૦૨૧ સુધીમાં શાળાના આચાર્યને જમા કરાવવા જાણ કરેલ હોઇ તે માટે અંતિમ તારીખ 03/0૮/૨૦૨૧ છે.

શાળામાં પોતાનું ઉ.મા.પ્ર. પરીક્ષા, મે-૨૦૨૧ વિજ્ઞાન પ્રવાહનું ગુણપત્રક/પ્રમાણપત્ર શાળામાં જમા કરાવનાર ઉમેદવારોની યાદી સહિત અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર (મુળ પ્રત) સાથેની શાળાવાર ફાઇલો જે તે શાળાના આચાર્યશ્રીએ તા.0૪/0૮/૨૦૨૧ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે ગુજરાત કોમન એન્ટ્રંસ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૧ના ઝોનલ અધિકારીને જમા કરાવવા આથી સુચના આપવામાં આવે છે. ઝોનલ અધિકારીશ્રી દ્વારા આવી શાળાવાર ફાઇલો જમા લઇ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીએ તા.0૬/0૮/૨૦૨૧ના રોજ ગુજકેટ-૨૦૨૧ની OMR (ઉત્તરવહી)ના પાર્સલો સાથે આવનાર આપના પ્રતિનિધિ મારફતે ગુજકેટ-૨૦૨૧ના સાહિત્ય સાથે બોર્ડને જમા કરાવવાની રહેશે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

જા.નં.મા-૨/પરિપત્ર/૨૦૨૨/૧૧૪૭૦

<u>નકલ રવાના :-</u>

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ
(વિજ્ઞાન પ્રવાહ)
રવાના તથા મંગાવેલ માહિતી સમયસર અત્રેની કચેરીએ
પહોંચાડવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.